# માઉન્ટ આબુમાં કાતિલ ઠંડીનો કહેર : માઈનસ ડિગ્રીમાં તાપમાન

## ગુરૂશિખર અને કુંભારવાડામાં માઇનસ તાપમાન, સહેલાણીઓમાં ઘટાડો : હજુ તાપમાન નીચું જવાની સંભાવના







તસવીર : હરેશ જોષી

ઉતરભારતમાં પહાડો પર થઈ રહેલી ભારે હિમવર્ષાને કારણે ઠંડીનું જોર વધ્યું છે. જેને લઈ ઉતરભારતના કેટલાય વિસ્તારોમાં માવઠા થાય છે. ત્યારે રાજસ્થાનનું એકમાત્ર હિલ સ્ટેશન માઉન્ટ આબુ પર ઠંડીએ સતત ચોથા દિવસે પર ઠંડીનો પારો જમાવ બિંદુ પર રહ્યો હતો. જેને લઈ સ્થાનિક લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ઠંડીને કારણે હિલ સ્ટેશનના લોકો ઠુઠવાઈ રહ્યા છે તો શાળાએ જતા વિદ્યાર્થીઓને પણ બહુજ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ઠંડીને લીધે હિલ સ્ટેશનના નક્કીલેકના નૌકાવીહાર સ્થળે બોટ પર, ખુલ્લા મેદાનોમાં, ઘરની બહાર રાખેલા વાસણો અને પાર્ક થયેલી કારો પર બરફની ચાદર જામી ગઈ હતી.

ઉતરભારતમાં થયેલી હિમવર્ષાની અસરને કારણે ઠંડીનું જોર વધ્યું છે જેને લઈ બનાસકાંઠા જીલ્લાને અડીને આવેલા હિલસ્ટેશન માઉન્ટ આબુમાં આજે છેલ્લા ચાર દિવસથી તાપમાનમાં સતત ઘટાડો નોંધાયો હતો જેને લઈ હિલ સ્ટેશનના મેદાન વિસ્તારોમાં ઘાસ પર, નાળાઓમાં, ઘરોની બહાર રાખેલા વાસણો અને કારની ઉપરના ભાગે બરફની ચાદરો જામેલી જોવા મળી હતી જેને કારણે લોકો ઠુઠવતા હોઈ બહુજ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે અને લોકોના જનજીવન પર પણ અસર જોવા મળી રહી છે. તો બીજી બાજુ ઠંડીના કારણે શાળાએ જતા બાળકોએ પણ ઠંડીમાં ઠુઠવાતાં શાળાએ જવું પડે છે. ઠંડીમાં શાળા પ્રશાસન દ્વારા સમયમાં કોઈજ ફેરફાર ન કરાતા બાળકોને ઠુઠવાતાં શાળાએ જવું પડે છે. ત્યારે લોકો ઠંડીથી બચવા તાપણાનો સહારો લઈ રહ્યા છે. પર્યટકો મોડે સુધી હોટલમાં જ રોકાઈ રહ્યા છે. બીજી બાજુ હવામાન વિભાગ દ્વારા ઉપરી વિસ્તારોમાં પહાડો પર થતી હિમવર્ષાને કારણે હિલ સ્ટેશન પર ઠંડીનું પ્રમાણ હજુ વધવાની આગાહી કરી છે.

### અમદાવાદના બુટલેગરની આઈ-૨૦ કાર પર

# લગ્નના સ્ટીકર ચોંટાડી વિદેશી દારૂની હેરાફેરી નિષ્ફળ

મોડાસા, તા. ૩૦

ગાંધીના ગુજરાતમાં દારૂબંધીના પગલે બુટલેગરો મોટા પ્રમાણમાં નિતનવા નુસખા અપનાવી દારૂબંધીનો ફાયદો ઉઠાવવા મોટા પ્રમાણમાં વિદેશી દારૂ રાજ્યમાં ઠાલવી રહ્યા છે અરવલ્લી જીલ્લા પોલીસતંત્રે બુટલેગરો પર તવાઈ બોલાવતા મોટા પ્રમાણમાં વિદેશી અરવલ્લી જીલ્લા પોલીસવડા મયુર પાટીલે વિદેશી દારૂ ઝડપી પાડતા બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે. અમદાવાદના સરખેજ વિસ્તારમાં રહેતા સોહેલભાઈ જલ્લાઉદ્દીન નુરમિયા શેખ નામના બુટલેગરે પોલીસની આંખોમાં ધૂળ નાખવા આઈ-૨૦ કાર પર દુલ્હા-દુલ્હનના સ્ટીકર ચોંટાડી વિદેશી દારૂની હેરાફેરી કરવાના મનસૂબા પર મોડાસા ટાઉન પોલીસે પાણી ફેરવી દીધું હતું. જીલ્લા સેવાસદન ચોકડી નજીકથી કારમાંથી ૮૭ હજારનો વિદેશી દારૂ જપ્ત કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.

મોડાસા ટાઉન પોલીસે મોડાસા-શામળાજી રોડ પર આવેલી જીલ્લા સેવા સદન કચેરી નજીક વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરાતા દુલ્હા-દુલ્હનના નામના સ્ટીકર આઈ-૨૦ કાર પર બંને બાજુએ કાચ પર ચોંટાડી પુરઝડપે પસાર થતી કારને અટકાવી તલાસી લેતા કારમાંથી અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂની બોટલ નંગ-૧૫૬ કીં. રૂ. ૮૭૬૦૦નો જથ્થો જપ્ત કરી કારચાલક સોહેલભાઈ જલ્લાઉદ્દીન નુરમિયા શેખ (રહે, ઘર. નં-૯ શેરાલી બાવાની દરગાહની બાજુમાં, રાહીલ પાર્ક સોસાયટી, સરખેજ, અમદાવાદ)ની ધરપકડ કરી તેની પાસેથી મળી આવેલ મોબાઈલ નંગ-૧ કીં. રૂ. ૫૦૦ તથા કારની કીં. રૂ. ૩૫૦૦૦૦ મળી કુલ રૂપિયા ૪૩૭૧૦૦નો મુદ્દામાલ જપ્ત કરી મોડાસા ટાઉન પોલીસે કાર ચાલક વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.




તસવીર : મેહુલ જોષી

# મોઢેરા ખાતે દ્વિ-દિવસીય ઉત્તરાર્ધ મહોત્સવ યોજાશે

મહેસાણા, તા. ૩૦

મોઢેરા સુર્યમંદિર ખાતે ૨ અને ૩ ફેબ્રુઆરીના રોજ ઉત્તરાર્ધ મહોત્સવ યોજાનાર છે. જેમાં ૨ ફેબ્રુઆરીના રોજ રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી વિભાવરીબહેન દવે ઉપસ્થિત રહેનાર છે. આ ઉપરાંત સાસંદ જયશ્રીબહેન પટેલ સહિત ધારાસભ્ય સર્વેશ્રીઓ ઉપસ્થિત રહેનાર છે. પ્રથમ દિવસે અનંત ભાસ્કર મેનન અમદવાદ દ્વારા ભરતનાટ્યમ, સુશ્રી શીલા મહેતા મુંબઇ દ્વારા કથ્થક નૃત્ય, સુશ્રી દેબશ્રીતા મોહન્તી સુરત દ્વારા ઓડીસી નૃત્ય, સુશ્રી હર્ષા ઠક્કર રાજકોટ દ્વારા કથ્થક નૃત્ય, શ્રી ડો.વી. રામકિર્ષ્ણ તેલંગાણા દ્વારા કુચીપુડી, સુશ્રી સ્વાતિ દાતાર પુના દ્વારા ભરત નાટ્યમ અને કબીતા માહંતી હરીયાણા દ્વારા ઓડીશી નૃત્ય રજુ કરવામાં આવશે.

જ્યારે ૩ ફેબ્રુઆરીના રોજ રાજ્યકક્ષા મંત્રી ઈશ્વરસિંહ પટેલ ઉપસ્થિત રહેનાર છે. બીજા દિવસે શ્રી અભય શંકર મિશ્રા ગુરગાંવ દ્વારા કથ્થક નૃત્ય, સુશ્રી નમ્રતા શાહ નડિયાદ દ્વારા કથ્થક નૃત્ય, સુશ્રી રીના જાના કોલકત્તા દ્વારા ઓડીસી નૃત્ય, શ્રી પવિત્રા ભટ્ટ થાણે દ્વારા ભરતનાટ્યમ, ડો.પુખરામ્બમ લિલાબતી દેવી ઈમ્ફાલ દ્વારા મણીપુરી, ડો.અમી પંડ્યા વડોદરા દ્વારા ભરતનાટ્યમ નૃત્ય રજુ કરવામાં આવનાર છે.

૨ અને ૩ ફેબ્રુઆરી શનિવાર અને રવિવારે યોજાનાર કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા વી.પી. પટેલ સચિવશ્રી રમત ગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃતિઓ, સતીષ પટેલ કમિશ્નર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, એચ.કે. પટેલ જિલ્લા કલેકટર મહેસાણા અને ફુરકાન ખાન ડાયરેકટર વેસ્ટ ઝોન કલ્ચરલ સેન્ટર ઉદયપુરે જાહેર આમંત્રણ પાઠવેલ છે.

# વાધપુર ખાતે જુગાર રમતા ચાર જુગારીઓને પોલીસે ઝડપી પાડ્યા

પ્રાંતિજ, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના વાધપુર ખાતે જાહેરમાં જુગાર રમતા ચાર જુગારીઓને પ્રાંતિજ પોલિસે પકડી કાયદેસરની કાર્યવાહી કરી હતી. પ્રાંતિજના વાધપુર ખાતે જાહેરમાં ખુલ્લી જગ્યામાં તીનપત્તીનો હારજીતનો જુગાર રમતા વિજયસિંહ કાળુસિંહ રાઠોડ, જયપ્રકાશ રસિકભાઇ વાણીયા, રાકેશભાઇ અરજણભાઇ રાવળ, જીતેન્દ્રકુમાર રમેશભાઇ વણકર તમામે તમામ રહે.વાધપુર તો દાવની રકમ- ૬૨૦ તથા જુગારીઓ પાસેથી અગઝડતીની રકમ ૨૬૦૦ તથા ચાર મોબાઇલ જેની કિંમત ૨૦૦૦ મળી કુલ રકમ ૫૨૨૦ સાથે પકડાઇ આવતાંપ્રાંતિજ પોલિસેપોલિસ કોન્સ્ટેબલ મહેશભાઇ વાલજીભાઈની ફરીયાદ આધારે જુગાર કલમ-૧૨ મુજબ ગુનો નોધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### અરવલ્લીમાં આવેલા ગાંધીબાપુના સ્મારક મીની રાજઘાટ ખાતે

# ગાંધી નિર્વાણ દિને અધિકારી કે પદાધિકારી ફરક્યા પણ નહિ..!!!

મોડાસા, તા. ૩૦

અંગ્રેજોની ગુલામીમાંથી દેશને મુક્ત કરાવનાર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૦મી નિર્વાણ દિવસની ઉજવણીના ભાગરૂપે દેશવાસીઓ શ્રદ્ધા સુમન અર્પણ કરી રહ્યા છે. નેતાઓ દરેક ભાષણમાં મત મેળવવા યાદ કરે છે, દરેક સરકારી મોટી ઓફિસો અને અધિકારીઓની કચેરીમાં બાપુની તસવીરો ટીંગાળી સત્ય અને ભ્રષ્ટાચાર વિરોધી હોવાની છબી ઉપસાવવા મથામણ કરતા હોય છે, પરંતુ અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના મહાદેવગ્રામ (બાકરોલ) ખાતે આવેલ ગાંધીબાપુના સ્મારક મીની રાજઘાટ



● અનુસંધાન પાના - ૭ પર

# અરવલ્લી જિલ્લા ઠાકોર સેનાના પૂર્વ પ્રમુખ ક્રાંતિસિંહ ઠાકોરનું હાર્ટ એટેકથી મૃત્યુ

મોડાસા, તા. ૩૦

અરવલ્લી જીલ્લામાં ક્ષત્રિય ઠાકોર સેનાનો પાયો નાખનાર અને સમાજના યુવાનોને સંગઠિત કરનાર મોડાસાના બડોદરા ગામના યુવાન અને લીંબડી (ઝાલોદ) ખાતે પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા ક્રાંતિસિંહ ઠાકોરનું મંગળવારે હાર્ટ એટેકથી મોત નિપ્જયું હતું. ક્રાંતિસિંહના મોતથી પરિવારજનો સહીત અરવલ્લી જીલ્લા ક્ષત્રિય ઠાકોર સેનામાં ભારે શોકનું મોજું ફરી વળ્યું હતું. સ્થાનિક હોસ્પિટલમાં પી.એમ. કરાવ્યા બાદ મૃતદેહ માદરે વતને પહોંચતા ભારે આક્રંદ છવાયો હતો. મૃતક યુવાનની અંતિમવિધિમાં ક્ષત્રિય ઠાકોર સેનાના અલ્પેશ ઠાકોર સહીત ધવલસિંહ ઝાલા અન્ય ધારાસભ્યો અને મોટી સંખ્યામાં ઠાકોર સમાજના અગ્રણીઓ તથા યુવાનો જોડાયા હતા. મોડાસાના ફરેડી નજીક આવેલા બડોદરા ગામના અને લીંબડી (ઝાલોદર) ખાતે પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા ઠાકોર સમાજના નામાંકિત અને અરવલ્લી જીલ્લામાં ક્ષત્રિય ઠાકોર સેનાના યુવાનોને સંગઠિત કરવાની કામગીરીમાં સતત જોતરાયેલા રહેતા ક્રાંતિસિંહ ઠાકોરને ફરજ દરમિયાન છાતીમાં દુઃખાવો ઉપાડ્યો હતો. તેમને અસહ્ય દુઃખાવો થતાં સારવાર માટે દવાખાને ખસેડાયા હતા. જ્યાં સિવિયર એટેકથી તેમનું મોત નિપજતા લોકોમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. મૃતક યુવાનના મૃતદેહને માદરે વતન લાવવામાં આવતા પરિવારજનોએ પોક મૂકી હતી. મૃતકની અંતિક્રિયામાં અલ્પેશ ઠાકોર, મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઝાલા સહીત ક્ષત્રિય ઠાકોર સેનાના સંજયસિંહ ઠાકોર સહીત જીલ્લા, તાલુકા ક્ષત્રિય ઠાકોર સેનાના સંગઠનના હોદ્દેદારો હાજર રહ્યા હતા. ઠાકોર સમાજના ૫ હજાર જેટલા લોકો મૃતક યુવાનની અંતિમક્રિયામાં જોડાયા હતા. પિતાની છત્રછાયા નાની ઉંમરમાં ગુમાવનાર ક્રાંતિસિંહસિંહનું હૃદયરોગના હુમલાથી આકસ્મિક મોત નિપજતા તેમના એકના એક પુત્રના મોતથી આધાર છીનવતા તેની માતા અને બહેને ભારે આક્રંદ કર્યો હતો.







**મોડાસા ટેકાના ભાવે ખરીદેલી મગફળી ગોડાઉનના અભાવે ૩ હજારથી વધુ બોરી રામભરોસે**

અરવલ્લી જિલ્લાનાં મોડાસામાં ટેકાના ભાવે મગફળી ખરીદ કેન્દ્રમાં ખેડૂતની ખરીદેલી મગફળી વેરહાઉસમાં જગ્યાના અભાવે છેલ્લા ચાર-પાંચ દિવસથી મગફળીની બોરીઓ ખુલ્લામાં ભગવાન ભરોસે પડી રહેતા ખેડૂતોમાં આશ્ચર્ય સર્જાયું છે. વહીવટીતંત્ર અને નાફેડના કર્મચારીઓની અણધડ નીતિ સામે પણ ખેડૂતોમાં અનેક પ્રશ્નો પેદા થયા છે. મોડાસાના ટેકાના ભાવે મગફળી કેન્દ્રમાં ખેડૂતો રજીસ્ટ્રેશન પ્રમાણે મોટી સંખ્યામાં મગફળી લઈ વેચાણ અર્થે પહોંચી રહ્યા છે. ખેડૂતોની લાંબી લાંબી લાઈનો લાગી રહી છે. ખેડૂતો પાસેથી ખરીદેલી મગફળી ગોડાઉનના અભાવે ૩ હજારથી વધુ બોરીઓ ખુલ્લામાં પડી રહેતા ખેડૂતોમાં આશ્ચર્ય સર્જાયું છે. એક બાજુ વાતાવરણમાં પણ પલટો છે હવામાન વિભાગે પણ માવઠું થવાની આગાહી કરી છે.

# રાષ્ટ્રપિતાની પ્રતિમા વેચવાના મુદ્દે હિંમતનગર પાલિકામાં હોબાળો

**સત્તાધારી અને વિપક્ષ વચ્ચે જામી પડી : ગત સામાન્ય સભાના ઠરાવો વંચાણે લેવા દરમિયાન વપિક્ષે સત્તાધારી પક્ષને ભીડાવ્યો : બાંધકામ સમિતિના ચેરમેન અને વિપક્ષી નેતા વચ્ચે ચકમક ઝરતા પ્રમુખને દરમિયાનગીરી કરવી પડી**

હિંમતનગર, તા. ૩૦

તા.૩૦ જાન્યુઆરી એટલે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની પુણ્યતીથી તરીકે સમગ્ર દેશમાં ઉજવણી કરવામાં આવે છે. ત્યારે આજ દિવસે એટલે કે બુધવારે હિંમતનગર પાલીકાની સામાન્ય સભાના એજન્ડામાં મોતીપુરા વિસ્તારમાં અગાઉ પ્રસ્થાપીત કરાયેલ મહાત્મા ગાંધીની પ્રતિમાને અજાણ્યા વાહને જમીન દોસ્ત કરી દીધા બાદ નવી પ્રતિમા ઉભી કરવા તથા જુની પ્રતિમાનો નિકાલ કરવા માટે પ્રતિ કિલોનો ભાવ રૂ. ૧૫૦ હોવાનું જણાવાતા સામાન્ય સભામાં આ મુદ્દે વિપક્ષે હોબાળો મચાવી દેતા સામાન્ય સભામાં ગરમાવો આવી ગયો હતો. ઉપરાંત સામાન્ય સભામાં ૫૪ મુદ્દાઓ રજુ કરાયા હોવાથી સામાન્ય સભા ખાસ્સી ચાલી હતી.

આ અંગે આધારભુત સુત્રોમાંથી મળતી માહિતી મુજબ હિંમતનગર પાલીકાની સામાન્ય સભા બુધવારે પાલીકાના સભાખંડમાં નિયત સમયે ચાલુ થતા તેમાં ગત મીટીંગની કાર્યવાહી વંચાણે લેવાનું શરૂ કરાતાની સાથે જ વિપક્ષના નેતા અને અન્ય સભ્યોએ કેટલાક મુદ્દાઓ પર ચર્ચાની માંગણી કરી હતી. જે દરમ્યાન વિવિધ કામોમાં થયેલા ભ્રષ્ટાચારના આક્ષેપો લઈને સત્તાધારી પક્ષના કેટલાક સદસ્યોએ પોતાની બેઠક પરથી ઉભા થઈ વિપક્ષને જવાબ આપવાનો નિરર્થક પ્રયાસ કર્યો હતો. સામાન્ય સભા દરમ્યાન ટ્રાફિક, રોડ રસ્તા તથા હયાત સર્કલો રીડેવલપ કરવા તથા નવીન સર્કલો ઉભા કરવા માટે નગરપાલીકાએ જે કન્સલટંટને કામગીરી સોંપી છે તે મુદ્દે વિપક્ષે વાંધો ઉઠાવ્યો હતો. બીજી તરફ કેશવ માર્કેટમાં ઉધઈને કારણે લાકડાના બારી બારણાં બદલવા માટેના ખર્ચ અંગે સામાન્ય સભા પાસે મંજુરી માંગવાના પ્રશ્ને વિપક્ષના એક મહીલા સદસ્યાએ ટકોર કરી હતી કે અગાઉ જ્યારે લાકડાના બારી બારણાં નાખવામાં આવ્યા ત્યારે ઉધઈ અંગે કેમ વિચાર કરાયો નથી. જેને લઈને સત્તાધારી પક્ષે ગોળગોળ જવાબ આપીને મામલો થાળે પાડ્યો હતો.

સામાન્ય સભામાં મહાત્મા ગાંધીની પ્રતિમા વેચી દેવાના મુદ્દે ચર્ચા વધુ થવા પામી હતી. એક તબક્કે એજન્ડામાં રજુ કરાયેલ કેટલાક કામો અંગે વિપક્ષે ભ્રષ્ટાચારનો મુદ્દો ચગાવતા સત્તાધારી પક્ષના સભ્યોએ વિપક્ષને તેમના રાષ્ટ્રીય નેતાઓના કૌભાંડને યાદ કરાવ્યા હતા. ત્યારે વિપક્ષે તેમાં દરમ્યાનગીરી કરીને સ્થાનિકકક્ષાએ તે મુદ્દો ઉપસ્થિત ન કરવા માટે જણાવતા સત્તાધારી પક્ષના સભ્યોએ જોરજોરથી શોરબકોર કરી મુકતા વિપક્ષે સત્તાધારી પક્ષને ભીડાવવા માટે એકપણ તક જતી કરી ન હતી. અને વહીવટમાં કેટલાક વિભાગના વડાઓ નિષ્ફળ રહ્યા હોવાનો આક્ષેપ કરી રાજીનામા આપી દેવાની માંગ કરતા ન છુટકે પોલાકી પ્રમુખે દરમ્યાનગીરી કરીને મામલો થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો. આ વખતની સામાન્ય સભામાં ૫૪ મુદ્દા એજન્ડામાં લેવાયા હોવાને કારણે સામાન્ય સભા બે કલાકથી વધુ ચાલી હતી. જેના કારણે કેટલાક સદસ્યો બહાર નીકળી ગયા હતા.